દાખલ થયા તારીખ–૧૧/૧૦/૨૦૧૯
રજીસ્ટર થયા તારીખ–૧૧/૧૦/૨૦૧૯
જાહેર કર્યા તારીખ–૧૮/૨/૨૦૨૦
સમય:–વર્ષ:૦૦ માસ: ૪,દિવસ:૭

**<u>મહેરબાન ડેડીયાપાડાના સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ–ડેડીયાપાડા</u>**

**સ્પેશીયલ દીવાની મુકદમા નં.: ૨૮/૨૦૧૯**

**આંક:**

**<u>વાદી:</u>** નાયબ ઈજનેરશ્રી,દક્ષિણ ગુજરાત વિજ કંપની લી.દેડીયાપાડા
દક્ષિણ ગુજરાત વિજ કંપની લી.ગુજરાત ઈલેકટ્રીક ઈન્ડસ્ટ્રી
(રી–ઓર્ગનાઈઝેશન એન્ડ રેગ્યુલેશનની ગુજરાત એકટ ૨૪/૦૩
અન્વયે રચાયેલ છે જેની ઝોનલ ઓફિસ નાના વરાછા રોડ, સુરત
મુકામે તથા મુખ્ય ઓફિસ વડોદરા મુકામે આવેલી છે .

**વિરૂધ્ધ**

**<u>પ્રતિવાદી:</u>** રામસીગભાઈ છીડીયાભાઈ વસાવા
રહે.તાબદા,તા.દેડીયાપાડા,જી.નર્મદા.

**દાવો:** સી.પી.સી. કલમ ૯ તથા સ્પેશીફિક રીલીફ એકટની કલમ ૩૮,૩૯ અન્વયે
દાવો રૂા.૮૨૭૧.૦૩/–નાં આંક થી વસુલ મેળવવા માટેનો

**વાદી તરફે વિ.વ.શ્રી એ.એમ.વસાવા**

**પ્રતિવાદી તરફે કોઈ નહી**

**<u>જજમેન્ટ</u>**

**(૧)** આ કામે વાદીનાં દાવાની ટુંકમાં હકકીત એવી છે કે,વાદી કંપની ગ્રાહકોને વિધૃત પ્રવાહ સપ્લાય કરે છે. વાદીના કેસ મુજબ પ્રતિવાદીએ ઘરના વપરાશના હેતુ માટે ગુજરાત વિધૃત બોર્ડ, દેડીયાપાડાની ઓફિસમાંથી વિધૃત જોડાણ મેળવવા અરજી કરીતા પ્રતિવાદીની અરજી અન્વયે બોર્ડના નિયમ મુજબ કાર્યવાહી કરીને મંજુર કરી હતી ત્યારબાદ પ્રતિવાદીએ જરૂરી ડિપોઝીટ ભરપાઈ

કરીને ઘર વપરાશ હેતુ માટે વીજ જોડાણ કનેકશન મેળવ્યુ હતુ.પ્રતિવાદીએ ગ્રાહક નં.૧૧૩૭૫૧૦૧ ૮૧૧ થી વાદીનાં કાયદેસરના ગ્રાહક બનેલા છે. પ્રતિવાદીએ વીજ જોડાણ મેળવ્યા બાદ બાકી પડતી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી પ્રતિવાદીનું વિજ કનેકશન કાયમી ધોરણે તા.૧૯/૩/૨૦૧૭ નાં રોજ કાપવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદીએ તા.૨૨/૧૨/૨૦૧૭ નાં રોજ રકમ રૂા.૨૦૦૦/– ભરેલા અને બાકી રકમ ભરશે તેમ જણાવેલ પરંતુ આ કામના પ્રતિવાદીએ બાકી રકમ રૂા.૮૨૭૧.૦૩/– બાકી પડે છે. જે પ્રતિવાદીએ બાકી રકમ ભરપાઈ કરેલ નથી. વધુમાં કથન એવુ છે કે તેઓને નોટીસ આપવા છંતા બીલ ભરેલ ન હોય અને તેથી દાવાની હકીકતે બાકી પડતી રકમ રૂા.૮૨૭૧ .૦૩/–મેળવવા દાવા મુજબ દાદ છે.

**(૨)** પ્રંતિવાદીને સમન્સ કરતા પ્રતિવાદ હાજર રહેતા ન હોય આ કોર્ટથી પ્રતિવાદીને પર્યાપ્ત તક આપવા છંતા હાજર રહેતા ન હોય આ કેસ એક તરફી આગળ ધપાવવામાં આવેલ.

**(૩)** આ કામે વાદીએ નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા રજુ કરેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા</u>**

આંક ૧૩ થી વાદી અનિલકુમાર વલ્લભભાઈ પટેલનું સસોગંદપરનો પુરાવો

આંક ૮ વિધૃતબોર્ડનું ફોર્મ નં. ૧૨

આંક ૯ ડી.પી.સી. કેલકયુલેશનનું શીટની ખરી નકલ

આંક ૧૦ બાકી રકમનું તૈયાર કરેલ સ્ટેટમેન્ટની ખરી નકલ

આંક ૧૧ પ્રતિવાદીને આપેલ નોટીસની નકલ

આંક ૧૪ વાદીનું પુરાવા બંધનું પુરસીસ

**(૪)** સદર કામે વાદીની દાવા અરજી તથા વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ તેમજ મૌખિક પુરાવા મુજબ તેમજ વાદીનાં વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લઈ સદર કામ હુકમ માટે રાખવામાં

આવેલ.

**(૫)** આ કામે ઉપરોકત કેસના નિર્ણય સારૂ આંક ૬ થી મુદ્દા ઉપસ્થિત થયેલ છે, જે નીચે મુજબ છે.

**મુદ્દા**

૧. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૮૨૭૧.૦૩/– પૈસા ૧૮% વ્યાજ સાથે વીજ જોડાણના મેળવવા હકકદાર છે?

૨. શું વાદી સાબિત કરે છે કે, તેઓ વ્યાજ મેળવવા હકદાર છે?
જો હા તો કેટલા દરે?

૩. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૪. શું હુકમ અને આખરી હુકમનામુ?

**(૬) ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.**

૧.હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪ આખરી હુકમ મુજબ

**મુદ્દાના કારણોઃ–**

**(૭)** આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ બીનજરૂરી પુનરાવર્તન અટકાવવા આ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

આ કામે આંક ૧૩ થી અનિલકુમાર વલ્લભભાઈ પટેલનો મૌખિક પુરાવો જોતા મંહદઅશે પોતાના પ્લીડીગમાં હકીકતો મુજબ કુદરતી પુરાવો આપેલ છે. આ પુરાવા દરમ્યાન તેમણે આંક ૮ થી ૧૧ દરમ્યાનના દસ્તાવેજી પુરાવાના મૌખિક પુરાવાના વર્જનથી સાબિત કરેલ છે. પ્રતિવાદીએ હાજર થઈને આ પુરાવાને કોઈ પણ રીતે પડકારેલ નથી કે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા ખોટા છે જયારે વાદીએ પોતાના મૌખિક પુરાવા દરમ્યાન ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૦૧ થી ૧૧૦ મુજબ દાવામાં જે જે કથનો કર્યા છે તે મૌખિક પુરાવા અને દસ્તાવેજી પુરાવાથી સાબિત કરેલ

છે તેમજ ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૬૦ થી ૭૮ માં જે જોગવાઈ કરેલ છે તે મુજબ પોતાનો કેસ સાબિત કરેલ છે તેમજ તેમણે જે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે તે જાહેર દસ્તાવેજની વ્યાખ્યામાં આવે છે તે સંજોગોમાં આ દસ્તાવેજોને ન માનવાનું કારણ જણાતુ નથી. આ કેસના સંજોગો જોતાં દાવા માહે જે તકરાર છે તે સંપૂર્ણ રીતે વાદીએ સાબિત કરવી જોઈએ અને વાદીએ દાવામાં જે કથન કરેલ છે તે પણ તેણે સાબિત કરવા જોઈએ. આ કેસનાં સંજોગો જોતાં, વાદી પક્ષનું પ્લીડીંગ જોતાં, દસ્તાવેજી પુરાવા જોતાં, સોગંદ પરનો પુરાવો જોતાં વાદી પોતાનો દાવો સાબિત કરેલ છે, જેથી નીચે મુજબનો હુકમ કરવાથી ન્યાયનું હીત જળવાશે.

## આખરી હુકમ

– વાદીનો દાવો **" મંજૂર "** કરવામાં આવે છે.

– પ્રતિવાદીએ વાદીને દાવાની તારીખથી રકમ રૂા.૮૨૭૧.૦૩/–(અંકે રૂપીયા આઠ હજાર બસો એકોતેર અને ત્રણ પૈસા પુરા) પૈસા ૧૮% લેખે વ્યાજ સહિત વાદીને પોતાની દરેક પ્રકારની મિલકતમાંથી ચુકવી આપવા.

– નિયમ મુજબ હુકમનાનું દોરવું

– પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૧૮ મી, માહે ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૮/૨/૨૦૨૦**
**સ્થળ: ડેડિયાપાડા**

**(પંકજ રવજીભાઈ ચૌહાણ)**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ**
**ડેડિયાપાડા, જિ.નર્મદા**
**(જી.જે.૦૦૫૧૦)**